| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૨/૦૬/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૪૯૫ લીટર દેશી દારૂ, ૨૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૮૫/૨૦૨૩

**કાલુપુરઃ** માલવભાઇ દિનેશભાઇ સંઘવી (ઉ.વ.૩૬) (રહે. તેજ કોમ્પલેક્ષ એચ.સી.જી.હોસ્પિટલ પાસે મીઠાખળી) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માલવભાઇ સંઘવી કાલુપુર સર્કલ પાસે કપાસીયા બજાર રોયલ ટ્રેડ સેન્ટર કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નંબર-૧૨ ખાતે “યતીન્દ્ર પ્લાસ્ટિક” નામની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૩૧/૦૫/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ગ્રાહક બનીને માલવભાઈની દુકાને આવેલ બે પુરૂષોએ અલગ-અલગ પ્લાસ્ટિકનો માલ-સામાન કિમત રૂપિયા ૩૧,૮૬૦/- કઢાવી માલ-સામાનનુ પેમેન્ટ પી.એમ.આંગડીયા મારફતે આપવાનુ કહી એક અજાણ્યા મોબાઈલ નંબર ૬૩૫૭૨૫૮૨૩૫ ના ધારકે પી.એમ.આંગડીયા તરીકે ફોન કરી તમામે ભેગામળી વિશ્વાસ કેળવી પ્લાસ્ટિકનો માલ-સામાન લઇ જઇ નાણા નહી ચુકવી છેતરપિંડી કરી હતી તેમજ ટંકશાળ રોડ ખાતેના વેપારી મુકેશભાઇ પ્રભુલાલ ઠક્કરનાઓ પાસેથી રૂપિયા ૨૦,૦૦૦/- તથા કમલેશ પ્રભુલાલ ઠક્કરનાઓ પાસેથી રૂપિયા ૩૧,૭૦૦/- માલ-સામાન લઇ જઇ તેઓના પણ નાણા નહી ચુકવી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કિશનભાઇ શંકરભાઇ ચલાવે છે.

**મણીનગરઃ** સાગર ચેતનભાઇ ઝાટકીયા (ઉ.વ.૨૮) (રહે. શ્રી ગંગાધર સોસાયટી સરદાર પટેલ સ્કુલ સામે ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૩ રાતના સમયે મોબાઇલ નંબર ૮૫૮૮૯૪૫૯૯૬ ના ધારકે સાગર ઝાટકીયાને ફોન કરતા સાગર ઝાટકીયા ઉંઘમાં હોય ફોન રીસીવ કરી ફોન બાજુમાં મુકી દિધેલ અને સવારે મોબાઇલ ફોનમાં ઇમેલ ચેક કરતા સાગર ઝાટકીયાના બે ક્રેડીટ કાર્ડ તથા એક સેવીંગ ખાતામાંથી મળી કુલ રૂપિયા ૧,૭૩,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૬/૨૦૨૩</u>**

**નવરંગપુરાઃ** નિલેશભાઇ સુબોધચંદ્ર શાહ (રહે. ભુમી ફલેટ પંજાબી હોલ સામે નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૩ રાતના ૮/30 થી તા.૦૧/૦૬/૨૦૨૩ સવારના ૬/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી છ રસ્તા પાસે સરદાર પટેલ સેવાસમાજ હોલ સામે ઠાકોરબાગ કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર ખાતે સિધ્ધી સ્ટેશનરી સ્ટોર્સ નામની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૩૯,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**સરખેજઃ** સાગરભાઇ કનુભાઇ ચુનારા (રહે.પાંચા તળાવ એપલવુડ ટાઉનશીપ સામે શાંતિપુરા સર્કલ પાસે એસ.પી.રીંગ રોડ સરખેજ) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૨૦૨૩ સાંજના ૫/૩૦ થી તા.૦૧/૦૬/૨૦૨૩ રાતના ૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન પાછળની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૨૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**નરોડાઃ (૧)** કરણસિહ સ/ઓ રાજેન્દ્રસિહ ચૌહાણ (રહે. પદમાવતી સોસયાટી વિભાગ-૨ પાર્શ્વનાથ શોપીંગ સેન્ટર સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૦૧/૦૬/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એલ રાઠોડ ચલાવે છે.

**નરોડાઃ** (૨) મનોજકુમાર કાંતિલાલ શાહ (રહે. હરીપ્રકાશ સોસાયટી વિભાગ-૨ યમુનાનગર સોસાયટી સામે નરોડા) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી તા.૦૧/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૦,૬૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**રામોલઃ** કૃષ્ણકાંત પરસોતમભાઈ પટેલ (ઉ.વ.૪૦) (રહે. શ્રીજી રેસીડેન્સી સરીતા-૪ સામે વસ્ત્રાલ રામોલ) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૩ કલાક ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો પાછળનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮૭/૨૦૨૩**

**નરોડાઃ** ઇશ્વરલાલ શંકરલાલ રાણા (ઉ.વ.૬૪) (રહે. વ્રજ ગેલેક્ષી નરોડા બિઝનેશ હબ પાછળ નરોડા) તા.૨૬/૦૫/૨૦૨૩ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે નરોડા મુરલીધર સોસાયટી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક નંબર પ્લેટ વગરની સફેદ રંગની સેંટ્રો કારમાં આવેલ બે પુરૂષો પૈકી એક પુરૂષે ઈશ્વરલાલ રાણાને ગાડી નજીક બોલાવી ગાડીમાં બેસેલ અન્ય એક પુરૂષ નિવસ્ત્ર હોઈ જે બાવાના દર્શન કરાવવાનુ કહી દર્શન કરાવવાનો ડોળ કરી ઈશ્વરલાલ રાણાની નજર ચુકવી હાથમાંથી સોનાની વિંટી નંગ-૨ અને ગળામાંથી સોનાની ચેઈન મળી કુલ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મતા ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઈશ્વરલાલ રાણાએ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**શાહીબાગઃ** હાર્દિક સ/ઓ દિલીપકુમાર જેઠા (રહે. સિધ્ધી દાતા અદિતી માનસરોવર રોડ ચાંદખેડા) એ તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૩ કલાક ૧૧/૪૫ થી કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ શનિદેવ મંદીર નજીક પાર્ક કરેલ પોતાની એક્ટીવા આગળના ભાગે મુકેલ બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં જીઓ કંપનીની અલગ-અલગ વસ્તુઓ કુલ-૧૯ કિમત રૂપિયા ૪૧,૮૧૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૮/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** કિંજલબહેન વા/ઓ વિરલભાઇ પંચાલ (ઉ.વ.૩૭) (રહે. ધર્મરાજ સોસાયટી આર્યસમાજ હોલની બાજુમાં ચાંદલોડીયા) તા.૩૧/૦૫/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગોતા આઇ.સી.બી.આઇસલેન્ડ સામેથી એક્ટિવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કિંજલબહેનના ગળામાંથી સોનાનો દોરો પેડલ સહીત કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિંજલબહેન પંચાલ એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**<u>સેડ ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૯/૨૦૨૩</u>**

**નારોલઃ** શૈલેષકુમાર સ/ઓ દશરથભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. રાઠોડફળી ગામ-આબંલીયારા તા-ધોળકા જી-અમદાવાદ) તા.૦૧/૦૬/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે નારોલ પીપળજ ગામ પીરાણા રોડ દેવરાજ એસ્ટેટ સામે આવેલ મહાશક્તિ કંપનીના સેડમાં સિમેંટના જુના પતરા કાઢી સિમેંટના નવા પતરા લગાવવાનુ મજુરી કામ કરતા હતા ત્યારે સિમેંટનુ જુનુ પતરું તુટી જતા નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯૦/૨૦૨૩</u>**

**વેજલપુરઃ** મયુરીબહેન વા/ઓ પ્રદિપ પોટે (ઉ.વ.૩૨) (રહે. ૮૧૪ ટેકરાવાળોવાસ વેજલપુર ગામ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગાળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "એમ" ડીવીજન ચલાવે છે.

**ઓઢવઃ** આકાશ સ/ઓ ઉમેશચંદ્ર નિશાદ (ઉ.વ.૨૪) (રહે. મુકેશનગર કેનાલ પાસે રાજેન્દ્ર પાર્ક રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** પ્રવિણ કિરાણા સ્ટોર્સ વટવા જીઆઈડીસી ફેઝ-૧ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા વકીલકુમાર સ/ઓ દોલારામ મેઘવાલ (ઉ.વ.૧૯) (મુળ વતન. વોર્ડ નંબર-૦૨ -03 એસ.જે.એમ. ૧૦ ડોલ ૧૩ ડોલ ગંગાનગર ધરસાના રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૩ રાતના ૧૧/30 વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

**નારોલઃ** પ્રિતી ડો/ઓ ઉમેદસિંહ ચૌહાણ (ઉ.વ.૧૭) (રહે. હરીદર્શનપાર્ક મોની હોટલના ખાંચામા નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૩ બપોરના ૪/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી